For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**માર્કેટ્સને ફાયર NOCની વહેંચણી અને ગણેશભક્તો પર SMCએ અત્યારે દબાણ શરૂ કર્યું**

# મોટા ગણેશમંડપો માટે ફાયર બાંયધરી ફરજિયાત

**500** મીટરથી મોટા અને 9 મીટરથી ઊંચા મંડપ ધરાવતા એકપણ મંડળે બાંયધરી પત્રક પર સહી કરી નથી

**ફાયર** સેફ્ટી માટેની જે 29 શરતો છે તે આજથી શરૂ કરે તો આવતા વર્ષે પૂરી થાય તેવી સ્થિતિ

## મોટા ગણેશ મંડપો માટે પાલિકાની શરતો

**1 શરત:** મંડપની ઊંચાઇ, લંબાઇ, પહોળાઇ



**રિમાર્કસ:** મંડપ એક મહિના પહેલા બનવાના શરુ થઇ જાય છે

**2 શરત:** એન્ટ્રી-એક્ઝિટ





**રિમાર્કસ:** 90 ટકા મંડપમાં એક્ઝિટ નથી

**3 શરત:** દર્શનાર્થીઓના દસ્તાવેજી રેકોર્ડ




**રિમાર્કસ:** શક્ય નથી

**4 શરત:** મંડપની સામગ્રી પર ફાયર રિટાર્ડન્ટ પેઇન્ટ



**રિમાર્કસ:** મંડપ બની ગયા છે

**5 શરત:** અધિકૃત ઇલેક્ટ્રિશિયન **રિમાર્કસ:** મંડપની સંખ્યા જોતા આટલા અધિકૃત ઇલેક્ટ્રિશિયન શહેરમાં નથી

સુરત : સુરત સહિત સમગ્ર દેશમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. સુરતમાં ગણેશોત્સવની તૈયારીઓ એક મહિના અગાઉથી શરૂ થઈ જતી હોવા છતાં મહાનગરપાલિકાના ફાયર વિભાગને હવે શ્રીજીની સ્થાપના બાદ મોટા પંડાલોના આયોજકો પાસેથી

...અનુસંધાન પાના 13 પર



**રાંદેર, સેન્ટ્રલ અને અઠવા ઝોનમાં સૌથી વધુ પંડાલ**

સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર ફાયર વિભાગમાં બાંયધરી પત્રક આપવા માટે જે નીતિ - નિયમો નક્કી કરવામાં આવ્યા છે તેને ધ્યાને રાખીને શહેરનાં સેન્ટ્રલ ઝોનમાં ખાસ કરીને ભાગળ અને આસપાસનાં વિસ્તારો તથા રાંદેર ઝોનમાં અડાજણ અને પાલ તથા અઠવા ઝોનમાં ભટાર, ઘોડદોડ રોડ, પાર્લે પોઈન્ટ જેવા વિસ્તારોમાં સૌથી વધુ અંદાજે બે ડઝન જેટલા શ્રીજી પંડાલ ઉભા કરવામાં આવ્યા છે. જો કે, ફાયર વિભાગનાં એક - બે નહીં પરંતુ 29 જેટલા આકરાં નિયમોને પગલે મેગા આયોજકો હવે વિમાસણમાં મુકાયા છે.

# શોર્ટકટમાં પૈસા માટે અફીણનું વેચતાં દલાલો-વેપારી પકડાયા

**SOGએ** ડિંડોલીમાંથી 3 દલાલો-વેપારી પાસેથી 8.49 લાખનું 1.698 કિલો અફીણ કબજે કર્યું

**ત્રણેય** પાસેથી 4 લાખથી વધુ રોકડ અને મોબાઈલ મળી કુલ 12.91 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

**કોણ કોણ વોન્ટેડ જાહેર કરાયા?**

- સુરેન્દ્રસિંહ
- ભીયારામ
- મુલ્લા ચૌધરી
- સાવલા ચૌધરી
- આસુરામ જાટ

(તમામ રહે. સુરત)

સુરતઃ ડીંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ દેલાડવા ગામ ખાતેથી SOGની ટીમે દરોડો પાડી ૧ કિલો ૬૯૮ ગ્રામ ગેરકાયદેસર અફીણના જથ્થા સાથે ત્રણ આરોપીઓની અટકાયત કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી અફીણ, રોકડ રકમ અને અન્ય સામગ્રી મળી કુલ રૂ.૧૨,૯૧,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

એસઓજીએ બાતમીને આધારે ડિંડોલી વિસ્તારમાં આવેલા દેલાડવા

...અનુસંધાન પાના 13 પર

**કોણ કોણ પકડાયા?**

- ભેરારામ માધારામ બિશ્નોઇ (ઉ.વ-૫૧) મકાન દલાલીનો ધંધો, રહે. માં ખોડીયાર રેસીડેન્સી, દેલાડવા ગામ, ડીંડોલી, સુરત (મૂળ રહે. કરડા, તા. રાનીવાડા, જિ. ઝાલોર, રાજસ્થાન)
- મહેન્દ્રસિંહ રાવતસિંહ રાજપૂત (ઉ.વ-૩૯) વેપાર, રહે. જલારામ સોસાયટી, મોર્ડન ટાઉન, લીંબાયત, સુરત (મૂળ રહે. રોહીડી, તા. શિવ, જિ. બાડમેર, રાજસ્થાન)
- રૂગારામ સેશારામ જાટ (ઉ.વ-૪૨) દલાલીનો ધંધો, રહે. હરેક્રિષ્ણા સોસાયટી, પર્વતગામ, ગોડાદરા, સુરત (મૂળ રહે. ઓલપુરા, તા. મારવાડ જંક્શન, જિ. પાલી, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

# પ્રતિબંધિત 18 સ્ટાર કાચબા સાથે સુરતમાં બે પકડાયા

**વન** વિભાગ અને વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરોએ ઉધના દરવાજા વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું

**દુકાનદારે** ફોન કરી 18 કાચબા મંગાવ્યા, કાચબા લઈને આવનારની સાથે દુકાનદારને પણ પકડી લેવાયો



સુરતઃ સુરત શહેરમાં ગેરકાયદેસર વન્યજીવોના વેપાર અને હેરફેર સામે વન વિભાગ તથા વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરો દ્વારા એક મોટી સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી છે. આ ઓપરેશન દરમિયાન પ્રતિબંધિત અને અતિ-સુરક્ષિત ગણાતા ૧૮ ભારતીય સ્ટાર કાચબાના જથ્થા સાથે બે ઈસમોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. આ સમગ્ર રેડ ઉધના

...અનુસંધાન પાના 13 પર

**સ્ટાર કાચબાની બજાર કિંમત 15થી 20 લાખ**

વન વિભાગ દ્વારા બંને આરોપીઓને તા.18 સપ્ટેમ્બરે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે અને ત્યારબાદ કોર્ટની કાર્યવાહી મુજબ આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરાશે. ઘટનામાં સ્ટાર ટર્ટલ ક્યાંથી મેળવવામાં આવ્યા હતા, અગાઉ પણ આ રીતે વેપાર

...અનુસંધાન પાના 13 પર

**જ્યોતિષ અને વાસ્તુના નામે થાય છે ગેરકાયદે વેપાર**

બજારમાં વાસ્તુદોષ નિવારણ, નસીબ ચમકાવવા કે ઘરની સમૃદ્ધિ વધારવાના બહાના હેઠળ અને વિદેશોમાં અસામાન્ય પાલતુ પ્રાણી તરીકે રાખવા માટે સ્ટાર કાચબાની બ્લેક માર્કેટમાં ઊંચી કિંમતે ખરીદ-વેચાણ થાય છે. વન વિભાગે લોકોને અપીલ કરી છે કે આવા પ્રતિબંધિત જીવોને ઘરમાં રાખવા નહિ, કારણ કે તે કાયદાકીય રીતે મોટો ગુનો છે.



પ્રસ્તુત તસવીરમાં જોઈ શકાય છે કે નવા રેલવે સ્ટેશન માટે કોનકોર્સ તૈયાર થઈ રહ્યો છે

# સુરતમાં બનતા નવા રેલવે સ્ટેશન MMTHએ આકાર લેવા માંડ્યો

**એલિવેટેડ** રોડનું 42 ટકા કામ પૂરું, જ્યારે ફેઝ-1નું કામ 51 ટકા પૂરું

**ડિસેમ્બર**-2027 સુધીમાં બંને ફેઝ પૂરા કરી દેવાનો લક્ષ્યાંક

**રોજ** 6.25 લાખથી વધુ મુસાફરોની ક્ષમતા ધરાવતું હશે આ MMTH

**40** લિફ્ટ અને 70 એસ્કેલેટર સાથે સ્માર્ટ સ્ટેશન બનશે

સુરતઃ સુરતના જુના રેલવે સ્ટેશન ખાતે બની રહેલા મલ્ટિમોડેલ ટ્રાન્સપોર્ટ હબ હવે આકાર લેવા માંડ્યો છે. હબ માટેનો એલિવેટેડ રોડનું 42 ટકા કામ પુરૂ થઈ ગયું છે. સાથે સાથે

...અનુસંધાન પાના 13 પર

**પ્રોજેક્ટની ખાસિયતો**

IGBC પ્લેટિનમ રેટેડ બિલ્ડિંગ, દિવ્યાંગ ફ્રેન્ડલી ટ્રાન્ઝિટ, SCADA-BMS વાળું સ્માર્ટ સ્ટેશન, 40 લિફ્ટ અને 70 એસ્કેલેટર. EI બિલ્ડિંગ, રનિંગ રૂમ, રેલવે હોસ્પિટલ અને RPF બેરેકનું કામ પૂર્ણ થઈ ગયું છે. પૂર્ણ થયા બાદ સુરત MMTH દરરોજ 6.25 લાખ મુસાફરોને સીમલેસ ટ્રાન્સફર સુવિધા આપશે અને રિટેલ, ઓફિસ અને હોસ્પિટાલિટી માટે મોટી કોમર્શિયલ તકો પણ ઉભી કરશે.

**ઈન્ટરસ્ટેટ બસ ટર્મિનલની મોટા ભાગની કામગીરી પૂરી, માત્ર બહારનું જ કામ બાકી**



- **ઈસ્ટ સાઈડ સ્ટેશન બિલ્ડીંગ (62,129 ચો.મી.):** 45% પૂર્ણ, પ્રિફેબ્રિકેટેડ સ્ટ્રક્ચરનું કામ ચાલુ.
- **વેસ્ટ સાઈડ સ્ટેશન બિલ્ડીંગ:** ડિઝાઇન મંજૂર, ઈસ્ટ સાઈડ પછી કામ શરૂ થશે.
- **કોન્કોર્સ (12,325 ચો.મી.):** 43% પૂર્ણ, પ્લેટફોર્મ 4 થી 2/3 વચ્ચે 41 ગર્ડર લોન્ચ થઈ ગયા. પ્લેટફોર્મ 2 થી 1 વચ્ચેનું કામ દિવાળીની ભીડ પછી શરૂ થશે.
- **GSRTC વર્કશોપ:** 75% પૂર્ણ.
- **એલિવેટેડ રોડ:** 795 માંથી 605 પાઈલ, 174 માંથી 90 પિયર, 364 માંથી 183 ગર્ડર કાસ્ટિંગ પૂર્ણ. 54 ગર્ડર લોન્ચ થઈ ગયા છે.

**ખુશ થવા જેવું નથી: વેસ્ટ સાઈડ સ્ટેશન બિલ્ડિંગનું કામ હજુ માત્ર કાગળ પર જ**

મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબ પ્રોજેક્ટમાં મોટાભાગની પ્રગતિ થયાનો દાવો કરવામાં આવતો હોવા છતાં, હજુ પણ ઘણા મહત્વપૂર્ણ હિસ્સાઓમાં કામ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું છે અથવા તો શરૂ જ કરવાનું બાકી છે, જે ડિસેમ્બર 2027ની સમયમર્યાદા સામે મોટો પડકાર ઉભો કરે છે. ખાસ કરીને, વેસ્ટ સાઈડ સ્ટેશન બિલ્ડીંગનું કામ હજુ માત્ર કાગળ પર જ છે કારણ કે તેની માત્ર ડિઝાઇન જ મંજૂર થઈ છે અને ઈસ્ટ સાઈડનું કામ પૂરું થયા પછી જ ત્યાં ખાડા ખોદવાની કે બાંધકામની શરૂઆત થશે, જે લાંબો સમય માંગી શકે છે. આ ઉપરાંત, પ્રવાસીઓની ભારે ભીડ અને પ્લેટફોર્મની વ્યસ્તતાના કારણે પ્લેટફોર્મ 2 થી 1 વચ્ચેનું કોન્કોર્સનું કામ દિવાળી પછી ટાળવામાં આવ્યું છે, જેનાથી સમગ્ર ફેઝ-1 ની ડેડલાઈન જોખમાઈ શકે છે. બીજી તરફ, ઈસ્ટ સાઈડ સ્ટેશન બિલ્ડીંગનું કામ હજુ અડધાથી વધુ એટલે કે 55% જેટલું બાકી છે અને પ્રિફેબ્રિકેટેડ સ્ટ્રક્ચર ગોઠવવાની આ

...અનુસંધાન પાના 13 પર

**સુપ્રીમ કોર્ટના આદેશને પગલે સુરત મનપાએ કાર્યવાહી કરી પરંતુ નામ પુરતી...**

# કહેવાય છે ડોગ ફીડિંગ સ્પોટ પણ છે માત્ર પાટિયું અને ભારે ગંદકી!

**વિવિધ** વિસ્તારોમાં 126 ડોગ ફીડિંગ સ્ટેશન બનાવ્યાં પરંતુ કૂતરાં ત્યાં ખાય છે કે કેમ? તેની કોઈને જ ખબર નથી

**લોકો** કૂતરાં માટે આ ફીડિંગ સ્પોટના નામે ખુલ્લી જગ્યામાં ખોરાક નાંખી જાય છે અને આખો વિસ્તાર ગંધાય છે

સુરતઃ સુરતમાં રખડતા શ્વાનોના વધી રહેલા ત્રાસ અને ન્યુસન્સને અટકાવવામાં સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. શહેરીજનોને રખડતા શ્વાનોના કરડવાના કિસ્સાઓ અને ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટે મનપા દ્વારા મોટી-મોટી યોજનાઓ તો જાહેર કરવામાં આવે છે, પરંતુ

...અનુસંધાન પાના 13 પર

**શું હતો મનપાનો મૂળ હેતુ?**

મનપા તંત્ર દ્વારા શહેરના તમામ ઝોનમાં મળીને કુલ ૧૨૬ ડોગ ફીડિંગ સ્ટેશન ઊભા કરવામાં આવ્યા હતા. આ પાછળનો મુખ્ય આશય એવો હતો કેઃ રખડતા શ્વાનોને નિયત જગ્યાએ જ ખોરાક મળી રહે, જેથી તેઓ ખોરાકની શોધમાં સોસાયટીઓ કે મુખ્ય રસ્તાઓ પર આમતેમ ભટકે નહીં. શ્વાનો દ્વારા નાગરિકો પર થતા હુમલા અને કરડવાના

...અનુસંધાન પાના 13 પર

**આરોગ્ય તંત્રની ઘોર નિષ્ફળતા અને દેખરેખનો અભાવ**

આયોજન કાગળ પર ખૂબ સુંદર લાગતું હતું, પરંતુ અમલીકરણના નામે સુરત મનપાના આરોગ્ય અને ઘન કચરા વ્યવસ્થાપન વિભાગે હાથ ઊંચા કરી દીધા છે. નિયમ મુજબ આ ફીડિંગ સ્ટેશનોની સમયાંતરે મુલાકાત લઈ ત્યાં સફાઈ થાય છે કે નહીં તેમજ અન્ય વ્યવસ્થાઓ જળવાય છે કે નહીં તેની ચકાસણી કરવાની જવાબદારી સુપરવાઇઝરોની હતી. પરંતુ અધિકારીઓ અને

...અનુસંધાન પાના 13 પર




**'પેટ ચોળીને શૂળ ઊભું કર્યું'**

રખડતા શ્વાનની સમસ્યા ઉકેલવા જતાં મનપાએ આરોગ્ય માટે નવું જોખમ ઊભું કર્યું છે. તંત્ર માટે હવે 'પેટ ચોળીને શૂળ ઊભું કર્યું' હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જે ફીડિંગ સ્ટેશનો શ્વાન મુક્ત રસ્તા અને સ્વચ્છતા માટે બનાવાયા હતા, તે જ હવે મચ્છરો અને રોગચાળાના કેન્દ્ર બની રહ્યા છે. સુરત મનપાનું આરોગ્ય તંત્ર માત્ર કાગળ પર આંકડા દર્શાવીને સંતોષ માની

...અનુસંધાન પાના 13 પર

**મોટાઉપાડે જાહેરાત બાદ ઘોંચમાં પડેલી ટ્રેન મામલે વિવાદ બાદ હવે રેલવે એક્શનમાં**

# સુરત-ઉદયપુર વંદે ભારત શરૂ થવાના સંજોગો ઉજળા, કોચિંગ ડેપોનો સરવે શરૂ

**અગાઉ** પશ્ચિમ રેલવેના મિકેનિકલ વિભાગે એવો રિપોર્ટ આપ્યો હતો કે સુરત ડેપોમાં 11 જેટલી ખામીને કારણે વંદેભારતનું મેઈન્ટેનન્સ થઈ શકે તેમ નથી

**હવે** નવા સરવેમાં ચકાસણી કરાશે કે આ તમામ ખામીઓ છતાં વંદેભારતનું યોગ્ય રીતે સંચાલન થઈ શકશે કે નહીં?



સુરતઃ સુરતને મંજૂર કરવામાં આવેલી દેશની પહેલી સુરત-ઉદયપુર-સુરત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સંચાલન અને તેના મેન્ટેનન્સને લઈને ઊભા થયેલા પ્રશ્નો વચ્ચે પશ્ચિમ રેલવે મુખ્યાલયે ગંભીરતા દાખવીને ૧૭ સપ્ટેમ્બરે સુરત કોચિંગ ડેપોનો ફરીથી ફિઝિબિલિટી સર્વે કરવાનો મહત્વનો આદેશ આપ્યો છે. મિકેનિકલ વિભાગની ટીમે સુરત ખાતે ગ્રાઉન્ડ લેવલ પર પહોંચીને તપાસ અને નિરીક્ષણ શરૂ કરી દીધું છે, જેથી હાલ ઉપલબ્ધ સંસાધનોમાં ૮ કોચની વંદે ભારત ટ્રેનનું પ્રાથમિક મેન્ટેનન્સ કરવું કેટલું વ્યવહારુ છે અને સામે આવેલી ખામીઓને ઝડપથી કેવી રીતે દૂર કરી શકાય તેનો તાગ મેળવી શકાય.

રેલવે બોર્ડે ગત ૩૧ ઓગસ્ટના રોજ ૨૬૯૦૩/૦૪ સુરત-ઉદયપુર-સુરત વંદે ભારત ટ્રેનને સત્તાવાર મંજૂરી આપીને તેનું પ્રાથમિક મેન્ટેનન્સ સુરતમાં જ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ તે પછી

...અનુસંધાન પાના 13 પર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. રક્ષાબેન ભૂપેન્દ્રભાઈ કાપડિયા**
જન્મ તા. ૧૩/૦૮/૧૯૫૬
સ્વ. તા. ૧૮/૦૯/૨૦૨૫

જૂઠું તો આપણે બંને બોલ્યા. તમે અમને કહ્યું કે તમે અમને છોડીને ક્યારેય નહીં જાઓ અને અમે કહ્યું હતું કે અમે તમારા વિના જીવી ન શકીએ. જુઓ, આજે તમે હયાત નથી અને અમે હજી જીવિત છીએ. તમારી સાથેની સફર ખૂબ જ ટૂંકી હતી પણ તે જીવનભર યાદ રહેશે.

લિ.

ભૂપેન્દ્ર ચંપકલાલ કાપડિયા (પતિ)
પ્રશાંત ભૂપેન્દ્રભાઈ કાપડિયા (પુત્ર) જીગીષા જતીન બોઘાવાલા (પુત્રી)
ક્રિષ્ના પ્રશાંત કાપડિયા (પુત્રવધૂ) જતીન જગદીશચંદ્ર બોઘાવાલા (જમાઈ)
રિધિશા, ઝેના, જૈવિન તેમજ
ભૂપેન્દ્ર ચંપકલાલ કાપડિયા પરિવાર

**પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**




**સ્વ.દિનેશભાઈ મગનભાઈ પટેલ**
જન્મ તા.૦૬/૦૫/૧૯૫૬
સ્વ.તા.૧૮/૦૮/૨૦૨૬
શ્રાવણ સુદ છઠ

સમય જીંદગીનો ઓછો હશે...ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ...ક્યાં ખબર હતી,
કોઈ સુચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
ભગવાન દિવ્ય આત્માને આર્શીવાદ આપે,
એ જ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ...

લિ.

ગં.સ્વ. તરલાબેન દિનેશભાઈ પટેલ (પત્ની)
વત્સલ દિનેશભાઈ પટેલ (પુત્ર)
દિપકભાઈ મગનભાઈ પટેલ (ભાઈ)
તથા
સમસ્ત પટેલ પરિવાર

**શ્રી સુરતી મોઢ વણિક : પ્રાર્થના સભા**



**સ્વ. અજય રતિલાલ ગાંધી**
સ્વ. તા. ૧૭/૦૯/૨૦૨૬

અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન / પિતાશ્રી **અજય રતિલાલ ગાંધી** (ઉ.વ.૭૦)નું ગુરૂવાર, તા. ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...

**: પ્રાર્થના સભા :**
શુક્રવાર, તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન B.A.P.H. હોલ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખેલ છે.

ગં.સ્વ. મિનાક્ષી અજય ગાંધી

| | |
|---|---|
| સ્વ. રતિલાલ છોટાલાલ ગાંધી | પ્રણવ અજય ગાંધી |
| સ્વ. ધનગૌરીબેન રતિલાલ ગાંધી | જુહી પ્રણવ ગાંધી |
| સ્વ. યોગેશ રતિલાલ ગાંધી | કવિતા આશિષ અગ્રવાલ |
| રેખાબેન નવીનચંદ્ર ચલિયાવાલા | મૃગા મયુર ખીવેસરા |
| પ્રતિમાબેન હેમંતકુમાર ભુલા | ધીર – સેમ – પ્રાહી |

પ્રણવ એન્ટરપ્રાઈઝ, રોડ નં. ૫, ઉધના, સુરત



**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. અ.સૌ. ડિમ્પલ જશ્મીન ડાકોરીઆ**
સ્વ.તા. ૧૮/૦૯/૨૦૨૫
ભાદરવા વદ બારસ

અમો બધા જીવનની દરેક સુખ યા દુઃખની પળોમાં તમને યાદ કરીએ છીએ.
તમારા વગર જીવન અધુરું લાગે છે.
એક ચહેરો જે દ્રષ્ટિમાંથી ક્યારેય ભુલાય નહીં, એક વ્યકિતત્વ જે ક્યારેય વિસરાશે નહીં, એક હુંફ જે ક્યારેય મળશે નહીં,
જેમનું નામ હૃદયમાં સતત ગુંજયા કરે અને ફુલ બની આસપાસ મહેંકયા કરે.
**પ્રભુ તમારા નિર્મળ આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.**
WE MISS YOU..

લિ. જશ્મીન આદિતરામ ડાકોરીઆ

| | |
|---|---|
| આદિતરામ વ્રજલાલ ડાકોરીઆ | તરૂલતા આદિતરામ ડાકોરીઆ |
| આકાશ જશ્મીન ડાકોરીઆ | યુકિત આકાશ ડાકોરીઆ |
| વિદુર નવિનચંદ્ર જરીવાલા | છાયલ વિદુર જરીવાલા |
| જિનીલ વિદુર જરીવાલા | ઈશાની જિનીલ જરીવાલા |

આરાધ્યા
તથા સમસ્ત ડાકોરીઆ પરિવાર